વડાવળ ગામની પરિણીતાએ સાસરિયાના ત્રાસથી ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

તસવીર : કાંતિલાલ લોધા

ડીસા, તા. ૨

ડીસા તાલુકાના વાસણા સંતોષી ગોળિયા ગામની યુવતિએ સાસરિયાના ત્રાસથી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. આ બાબતે યુવતિના પિતાએ સાસરિયાના છ ઈસમો વિરુદ્ધ ભીલડી પોલીસ મથકે અત્યાચાર, દહેજ અને આપઘાત કરવા મજબૂર કર્યા અંગેની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા તાલુકાના સંતોષી ગોળિયા (વાસણા) ગામના કેશાજી સોનાજી પરમાર (માળી)ની દીકરી ભાવનાબેનનાં લગ્ન પાંચેક વર્ષ અગાઉ વડાવળના રાજેશ ભીમાજી માળી સાથે સમાજના રીત-રિવાજ મુજબ થયા હતાં. લગ્ન દરમ્યાન તેને બે સંતાનો પણ છે. પરંતુ ગતરોજ ભાવનાએ વડાવળ ખાતે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી દેતાં માળી પરિવારમાં સન્નાટો મચી જવા પામ્યો હતો. યુવતિના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે અમારી દીકરીને સાસરિયા દ્વારા અવારનવાર શારીરિક-માનસિક અત્યાચાર, દહેજની માગણી કરાતી હોવાથી તેને આપઘાત કરવા મજબૂર થવું પડ્યું છે. આથી યુવતિના પિતા કેશાજી સોનાજી પરમારે જમાઈ રાજેશ ભીમાજી માળી, ભીમાજી ગીરધરજી માળી (સસરા), હંસાબેન ભીમાજી માળી (સાસુ), ભરતકુમાર ભીમાજી માળી (દિયર), હરેશ ભીમાજી માળી (દિયર), ભગીબેન જગદીશકુમાર (નણંદ) સામે ભીલડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જેની વધુ તપાસ પીએસઆઈ કે પી ગઢવી ચલાવી રહ્યા છે.

દેશમાં ૧૦૦ બેરોજગારોને નોકરી મળે છે તેમાં ગુજરાતના ૭૨ બેરોજગાર હોય છે : સ્મૃતિ ઈરાની

ખેડબ્રહ્મા સરદાર ચોકમાં ભાજપની ચૂંટણી સભામાં મોટી સંખ્યામાં લોકો હાજર

તસવીર : રમેશ વૈષ્ણવ

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્માની વિધાનસભા બેઠક પર રવિવારે ચૂંટણી પ્રચારના ભાજપ દ્વારા શ્રીગણેશ કરવામાં આવ્યા હતા. જેમાં રાષ્ટ્રીય મહિલા મોરચાના અધ્યક્ષ સ્મૃતિ ઈરાનીએ જાહેરસભાને સંબોધી કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. સરદાર ચોકમાં યોજાયેલ આ સભામાં હજારોની સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

જંગી જાહેરસભાને સંબોધતાં સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું હતું કે ઘરમાં લક્ષ્મી આવે તો ભ્રષ્ટાચારથી ખરડાયેલો પંજો લઈને કે બેટ પકડીને નથી આવતી પણ કમળ ઉપર બેસીને આવે છે.

૨૦મી ડિસેમ્બરે ગુજરાત ફરીથી દિવાળી ઉજવવાનું છે, તેમાં કમળમાં ખેડબ્રહ્માની એક પાંદડી હોય તે માટે કમળને મત આપવા અપીલ કરી હતી. ખેડબ્રહ્મા વિધાનસભા ક્ષેત્ર ઉપર સમગ્ર વિશ્વની નજર છે. કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે કોંગ્રેસને ગરીબોની ચિંતા નથી, ચૂંટણી સમયે ગરીબોના મત લઈ મોંઘવારી ઘટાડવાનું વચન આપી ૧૦૦ગણી મોંઘવારી વધારી દીધી છે. ૨૦૧૨ની ચૂંટણી એ સેમી ફાઈનલ છે અને ફાઈનલ છે અને ફાઈનલ ૨૦૧૪માં છે તેના માટે આપણો કેપ્ટન તૈયાર છે પણ કોંગ્રેસનો કોઈ કેપ્ટન નથી. બિહાર અને ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસનો કેપ્ટન રાહુલ ગાંધી હતો પણ ગુજરાતમાં કોંગ્રેસ કોઈ કેપ્ટન નક્કી કરી શકી નથી. કોંગ્રેસ 'હિસાબ દો, જવાબ દો'ની બૂમરાણ પાડે છે. હું જવાબ આપવા આવી છું પણ કોને જવાબ આપું? અર્જુન મોઢવાડિયાને કે શક્તિસિંહને? લોકોના ગુજરાતીમાં પ્રવચન કરવાના સૂચનનો જવાબ આપતાં સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું હતું કે હું ગુજરાતી અને હિન્દીમાં બોલીશ કારણ કે ગુજરાતી સોનિયા ગાંધીને આવડતું નથી.

આ સભામાં ભાજપના ઉમેદવાર ભોજાભાઈ મકવાણા, જિલ્લા પ્રમુખ જે ડી પટેલ, ઉપપ્રમુખ જશુભાઈ પટેલ, મહામંત્રી વિજયભાઈ પંડ્યા, કૌશલ્યાકુંવરબા, રમીલાબેન બારા તથા રાજસ્થાનથી ધર્મનારાયણ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસાના વાસણા નજીક અકસ્માતમાં બોર ઓપરેટરનું કરૂણ મોત

ડીસા, તા. ૨

ડીસા તાલુકાના વાસણા (જૂના ડીસા) ગામે રહેતા મફાજી કાળુજી ઠાકોર પંચાયતના બોર પર ફરજ બજાવે છે. તેઓ રવિવારે સવારે બોર ચાલુ કરી પોતાની સાઈકલ લઈને કંપાઉન્ડની બહાર નીકળ્યા હતા. તે દરમ્યાન આગળથી પૂરઝડપે આવી રહેલી જીપ નં. જીજે-૨કે-૧ ઉપ૭ના ચાલકે સાઈકલને અડફેટે લેતાં મફાજી નીચે પટકાતાં ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. તેઓના મૃતદેહને ડીસા સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કર્યા બાદ સેવાભાવી મનુભાઈ આસ્નાની દ્વારા વાલી વારસોનો સોંપાઈ હતી. આ બનાવ અંગે પોલીસે જીપચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દાંતીવાડા તાલુકાના મોટી મહુડી ગામે સિદ્ધનાથ મહાદેવ મંદિરનો ભવ્ય જીર્ણોધ્ધાર અને પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં બનાસકાંઠા, મહેસાણા અને પાટણ સહિત અનેક જિલ્લામાંથી મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. આ ધાર્મિક પ્રસંગે ગામના તમામ જ્ઞાતિના બંધુઓએ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં પધારેલા ભાવિક ભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો. (તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

ભિલોડાના ગડાદરા બસ સ્ટેન્ડ પાસે કારનું ટાયર ફાટતાં એકનું મોત : બે ઘાયલ

હિંમતનગર, તા. ૨

ભિલોડા તાલુકાના ગડાદરા ગામના બસ સ્ટેન્ડ નજીક આજે સાંજના સમયે માર્ગ પરથી પસાર થઈ રહેલ એક વેગનઆર કારનું અચાનક જ ટાયર ફાટતાં કાર ફંગોળાઈ માર્ગની પાસે ફેંકાઈ ગઈ હતી, જેમાં એકનું મોત અને બેને ઈજાઓ થવા પામી હતી. આ બાબતે શામળાજી પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ભિલોડા તાલુકાના ગડાદરા ગામના બસ સ્ટેન્ડ પાસે નેશનલ હાઈવે નં. ૮ પર આજરોજ સાંજના સુમારે મુંબઈ ખાતે રહેતા એક પરિવારના સભ્યો પાતાની વેગનઆર કાર નં. એમએચ-૪-૪૮૦૫માં પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક જ કારનું ટાયર ફાયતાં કાર ફંગોળાઈ માર્ગની બાજુમાં ફેંકાઈ ગઈ હતી. જેથી કારમાં સવાર ખ્યાતિલાલ પન્નાલાલ જૈન (ઉવ ૫૫, રહે. એ/૨૦૧, વસઈ ઈસ્ટ, જી. થાને, મહારાષ્ટ્ર)ને ગંભીર ઈજાઓ થવા પામી હતી. દરમિયાન સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું કરુણ મોત નિપજ્યું હતું. આ ઘટનામાં ગીતાબેન તથા સીમાબેનને પણ શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી, જે અંગે શામળાજી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘાટલોડીયામાં આનંદીબેન પટેલનો કેસરીયા રાઉન્ડ યોજાયો

અમદાવાદ, તા. ૨

ઘાટલોડીયા વિધાનસભાના ચૂંટણી ઈન્ચાર્જ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે આજ રોજ ઘાટલોડીયા ખાતે ભાજપાના ઉમેદવાર શ્રીમતી આનંદીબેન પટેલનો કેસરીયા રાઉન્ડ યોજાયો હતો.

ઘાટલોડીયા પ્રભાત ચોક ખાતેથી વિશાળ રેલીમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા. ઢોલ, નગારા, ત્રાંસા, કેસરીયા ખેસ, "ભારત માતાની જય" વંદે માતરમૂના નારા સાથે સમગ્ર વિસ્તાર ગૂંજી ઉઠ્યો હતો. આ રેલી નિલકંઠ મહાદેવ રોડ, નિર્ણયનગર, દેશવાલી સોસાયટી, કે.કે. નગર રોડ, સત્તાધાર વગેરે જગ્યાએ ફરી હતી.

જમીન અંગેના ઝઘડામાં ડીસાના વકીલની હત્યા

વકીલ શંકર પ્રજાપતિનું અપહરણ કરીને માલણ નજીક લાશ ફેંકી દીધી : પોલીસ દ્વારા બે શખ્સની ધરપકડ કરાઈ

અમદાવાદ, તા. ૨

બનાસકાંઠા જિલ્લામાં ગુનાખોરી મોટા પ્રમાણમાં વકરી રહી છે. ચોરી-લૂંટ-બળાત્કાર ને ખૂનની ઘટનાઓ જુદાજુદા પોલીસ દફતરોમાં નોંધાય છે. ત્યારે ગત ૨૬-૧૧-૨૦૧૨ના રોજ પાલનપુર શહેર નજીક માલણ રોડ પર હસનપુર ગામના પાટીયા નજીક એક અજાણ્યો મૃતદેહ મળી આવતા સરપંચે પોલીસને જાણ કરેલ. તપાસ બાદ આ મૃતદેહ ડીસા તાલુકાના બોંયણના રહેવાસી અને પાલનપુર કોર્ટમાં પ્રેકટીસ કરતા શંકરભાઈ વી પ્રજાપતિનો હોવાનું અને જમીનની તકરારમાં તેમી ઠંડે કલેજે હત્યા કરાયાનું તાલુકા પોલીસની તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે હત્યામાં સંડોવાયેલા બે ઈસમોને ઝડપી લીધા હોવાનું આજે મોડી સાંજે પોલીસ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ ઘાતકી હત્યાની સીલસીલાબદ્ધ વિગતો અંગે પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગતોનુસાર ડીસાતાલુકાના ભોયણ ખાતે રહેતા એડવોકેટનો વ્યવસાય કરતા શંકરભાઈ વી. પ્રજાપતિને ૨૫મીની રાત્રે બે શખ્સોએ લગ્ના દસ્તાવેજ કરવાના છે તેવું બહાનું કાઢીને બહાર બોલાવ્યા હતા તેમને જીપમાં બેસાડી બહાર લઈ જનાર બે શખ્સો એક ચિત્રાસણીથી બાલારામ તરફ લઈ જઈને ગળું દબાવી નિર્મમ હત્યા કરી મૃતદેહને માલણ નજીક લાવી વહેલી સવારે ફેંકી વકીલના ગળાપર ટાયર ફેરવી નાસી છુડ્યા હતા. આ કેસની ઝીણવટભરી તપાસ દરમ્યાન વકીલની હત્યા જમીનની અંગેની તકરારમાં થયાનું પોલીસે જણાવેલુ. તે અંગે હત્યાના કેસમાં સંડોવાયેલા કાળુભાઈ મંગળભાઈ ભીલ અને મેપસીંહ મગનસીંગ વાઘેલાને પોલીસે ઝડપી લીધા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતુ.

છેલ્લા પાંચ વર્ષમાં દેશના મુખ્ય

૧૦ પક્ષોએ ૨૪૯૦ કરોડની મેળવેલી કરમુક્ત આવક

કોંગ્રેસ અને મુખ્ય વિપક્ષ ભાજપે ૮૦ ટકાથી પણ વધારે આવક મેળવી

નવી દિલ્હી, તા. ૨

છેલ્લા પાંચ વર્ષમાં દેશના મુખ્ય ૧૦ રાજકીય પક્ષોએ કુલ રૂપિયા ૨૪૯૦ કરોડની કરમુક્ત આવક મેળવી હોવાની વિગતો બહાર આવી છે. ઈન્કમટેક્સ વિભાગમાં કરવામાં આવેલી એક આરટીઆઈના જવાબમાં ઉપરોક્ત માહિતી બહાર આવી છે.

કોંગ્રેસ અને મુખ્ય વિપક્ષ ભાજપે રૂપિયા ૨૪૯૦ કરોડની આવકમાંથી ૮૦ટકાથી વધુ આવક મેળવી છે. રાજકીય પક્ષોએ મેળવેલી કુલ ૨૪૯૦ કરોડની આવકમાં રૂપિયા ૨૦૦૦૦થી ઓછી આવક કે દાનની રકમનો સમાવેશ થતો નથી આથી મોટી સંખ્યામાં મેળવેલા ઓછી રકમના દાનનો આમા સમાવેશ થયો નથી. કોંગ્રેસે આ સમય દરમિયાન રૂપિયા ૧૩૮૫.૩૬ કરોડની આવક મેળવી છે. જ્યારે ભાજપે રૂપિયા ૬૮૨ કરોડની આવક મેળવી છે. જેડીયુએ વર્ષ ૨૦૦૮-૦૯ને બાદ કરતા કુલ રૂપિયા ૧૫.૫૧ કરોડની આવક મેળવી છે. બીએસપીએ ત્રણ નાણાંકીય વર્ષમાં રૂપિયા ૧૪૭.૧૮ કરોડની આવક મેળવી છે. શરદ પવારની એનસીપીએ રૂપિયા ૧૪૧.૩૪ કરોડની આવક મેળવી છે. સીપીઆઈએમે ચાર વર્ષમાં કુલ રૂપિયા ૮૫.૬૧ કરોડની આવક મેળવી છે.

સીપીઆઈએ બે વર્ષમાં રૂપિયા ૨૮.૪૭ કરોડની આવક મેળવી છે. જેડીએસે બે વર્ષમાં ૭.૧૬ કરોડ અને રામ વિલાસ પાસવાનની એલજેપીએ ચાર વર્ષમાં રૂપિયા ૨.૫૫ કરોડની આવક મેળવી છે.

લાલુપ્રસાદની આરજેડીએ ત્રણ વર્ષમાં રૂપિયા ૨.૮૫ કરોડની આવક મેળવી છે. હિસ્સાર સ્થિત આરટીઆઈ એક્ટિવિસ્ટ રમેશ વર્માએ ઈન્કમટેક્સ વિભાગમાં કરેલી એક આરટીઆઈના જવાબમાં ઉપરોક્ત માહિતી બહાર આવી છે.

નીલગાય (બીજા પાનાનું અનુસંધાન)

એટલે સ્તો સામે ચડીને મેડાવાળી ઓરડી ભાડે આપી હતી ને! બલકે એને તો હું તારા ઘરમાં રહું એમાં તારા ઊજળા ભવિષ્યની કંકોતરી વંચાતી હતી. 'ભાડું નહીં આપો તો ચાલશે, મારી પારૂડીનું ઈંગ્લીશ પાકું કરાવી દ્યો એટલે ગંગા નાહ્યા!' એને પેટે તું છેલ્લું જણતર. તારા પ્રત્યે એને પક્ષપાત હોય તે સ્વાભાવિક હતું.

એને ક્યાં ખબર હતી કે તને ઈંગ્લિશ ભણાવતાં ભણાંવતા આ કવિ જીવ શાયરીના રવાડે ચડાવી દેશે? તને ય વ્યસન થઈ ગયું હતું પછી તો. પાઠ તો હું જાતે વાંચી લઈશ. લાવો, આજની સોનામહોર!

તારા પર લખેલી શાયરીને તું 'સોનામહોર'ના કોડવર્ડથી -ઓળખાવતી. એક-બે વાર 'સોનામહોર' શબ્દ તારી મમ્મીના કાને પણ પડી ગયેલો, તારી બેકાળજીને કારણે સ્તો. મને જોતાંવેંત તું પાળેલી બિલાડીની જેમ કૂદાકૂદ કરી મૂકતી. મેડી ઉપરથી ક્યારે ઊતરું એની ચાતક નજરે રાહ જોયા કરતી. 'આ પારૂડી શાની સોના મહોરો માગે છે તમારી પાસે?' એક દિવસ તારી મમ્મીએ મને હસતાં હસતાં પૂછી પણ નાખેલું! 'એ તો એને ગ્રામર શીખવું છું ને! ગ્રામરની અવનવી ફૂંચીઓ હોય. એ યાદ રહી જાય પછી અંગ્રેજી એકદમ સહેલી લાગવા માંડે.' 'સહેલી' જેવી, એકદમ પોતીકી, ફ્રેન્ડલી! એવી ફૂંચી માટે વિદ્વાનો 'સોનામહોર' જેવું કૉમ્પ્લિમેન્ટ વાપરે એમાં શી નવાઈ?

વિચારી પ્રૌઢાએ મારો ખુલાસો માની લીધેલો. અલબત્ત, એને થોડીઘણી વહેમ પડતી વાત તો લાગી જ હશે. એ સિવાય એ તારૂં પગેરૂં લેવાના કારસા થોડા કરે?

તે સાંજે મારી બાઈકને પાંખો ફૂટી હતી. એ નિર્જીવ દ્વિચક્રી વાહન એકાએક ઢોલામારૂની સાંઢણી બની ગયું હતું. તારો સત્તરમો જન્મદિવસ, પાછી સત્તરમી નવેમ્બર! મેં દિન-મહિમાના કોલમમાં જોયું ત્યારે રોમાંચ અનુભવ્યો હતોઃ પોંડિચેરીવાળાં માતાજીનીએ પુણ્યતિથિ. ને એ જ, અદલ એ જ મારી પ્રિયતમાનો પ્રાગટ્ય દિન... બે દિવસ પછી ઓગણીસમી નવેમ્બર આવશે, તે પ્રિય દર્શિની ઈંદિરાનું પ્રાગટ્ય પર્વ! બે મહાન વિભૂતિઓ વચ્ચે સેંન્ડવિચ થયેલી તું - મારી બિલ્લી....

આપણે ખોવાઈ ગયાં હતાં આ ભેખડોની હૂંફાળી ઓથમાં. ઓગળી ગયાં હતાં કરોલ ડૅમનાં અફાટ- અતાગ ઊંડાણોમાં. ઉંમરનો તફાવત પણ ક્યાં વચ્ચે આવ્યો હતો પારૂલ? અત્યાર લગી 'તમે' કહી મને ગુલાબ કે મોગરાનું ફૂલ આપનારી મારી બિલ્લી મને એકાએક 'તું' કહીને બોલાવવા માંડી હતી... કેવો મધમધતો સમય! હું એ દિવસો યાદ કરું છું ને ઓચિંતા ઉંમરનાં આવરણ ખરી પડે છે... પાંસઠમે વર્ષે છ ગુણ્યા પાંચ બરાબર ત્રીસની ભરજુવાની જીવવા માંડું છું. ને તોય વયનો એ તફાવત તો... તેં સોળ પૂરાં કર્યાં હતા, ને હું ત્રીસ આંબી ગયો હતો... લગભગ બમણી ઉંમર હતી મારી, ખરૂં કે નહીં? અને છતાં તને એવો કોઈ છોછ કે અફસોસ ક્યાં હતો? તું તો અહર્નિશ તારા કિશનના નામની માળા જપતી થઈ ગઈ હતી. દિવસના બબ્બે સોનામહોરો મેં જીવની જેમ સાચવી રાખી છે, આજ પર્યંત! કાગળ પીળા પડી ગયા છે પણ તારા અક્ષર અકબંધ છે. એ તારા અક્ષર હતા કે આંસુ? કે હૈયા ઊપડેલા વાવાઝોડા પછીની બૂંદાબૂંટી? જે હોય તે, મેં એ અમાનતને જીવની જેમ સાચવી રાખી છે પારૂલ! જિંદગીની એ સ્તો મોંઘેરી મિરાત હતી... બાકી બધું તો ઠીક જાણે. 'સુબહ હોતી હૈ, શામ હોતી હૈ; યૂં હી જિંદગી તમામ હોતી હૈ...' તારું આટલાં વર્ષો પછીનું સ્મરણ પણ મને કેવું મીઠું લાગી રહ્યું છે પ્રિયે!

ગાડી કરોલ ડૅમનાં તળિયાં સૂંઘતી આગળ વધી રહી હતી. ત્યાં એકાએક ડ્રાઈવરે શૉટ બ્રેક મારીઃ એક નીલગાય ફૂંફાડા મારતી રોડ ઓળંગી ઝાડીમાં ગરકાવ થઈ ગઈ.

'આ આટલી બધી સુગંધ શાની છે?' સહપ્રવાસી કવિવર વિસ્મય પૂર્વક પૂછી રહ્યા હતાઃ સાંભળો છો? કશુંક પહેલાં પ્રેમના પગરવ જેવું મહેક મહેક થવા લાગ્યું તે શું હશે?

હું મૂંગો થઈ જઉં છું. 'મને શી ખબર?' કહી મેં ખભા ઉલાળી દીધા. પણ એમ હાથ ઊંચા કરી દીધે તું- હા, સુગંધ બની ગયેલી મારી પારૂલ, તું - મારો પીછો થોડી જ છોડવાની હતી? ધોધમાર વરસી પડી તું મારી આંખોની બારીઓથી...

પારૂલ, સુખી તો છે ને તારા પરિવાર સાથે? તારા હસ બંડ તને સારી રીતે રાખે તો છે ને? ને તારાં બાળકો કેમ છે? ખાસ્સાં મોટાં થઈ ગયાં હશે હવે તો.

મારે એમને ઘણાં લાડ લડાવવાં છે, પણ તું જ કહે હું અમથો અમથોય આવી ચડું તો આ ઉંમરે પાછી તારી તો સાડાસાચી જ બેસી જાય કે બીજું કંઈ? મને માફ કર પારૂલ... હું તને ભૂલી શકયો નથી, આટલાં વરસના વિજોગ પછી પણ તું કવચિત મારો રસ્તો અવરોધતી નીલગાય થઈને મને સામી મળતી જે રહી છે...

શબ્દ સમીપે (બીજા પાનાનું અનુસંધાન)

પુનર્જન્મનો સિધ્ધાંત સમજાવી પરા પૂર્વથી ચાલ્યા આવતા વિવાદની વાત પ્રકરણ-૨માં કરી છે. પ્રકરણ-૩માં તેઓ જન્મ-પુનર્જન્મ, આત્મા-પરમાત્મા અને કર્મબંધન - કર્મક્ષય અંગેની વિવિધ માન્યતાઓ પર નજર દોડાવતાં હિંદુ ધર્મ જે વૈદિક, સનાતન કે આર્ય ધર્મના નામે ઓળખાય છે. ઉપરાંત જૈન ધર્મ, બૌધ્ધ ધર્મ, જરથોસ્તી ધર્મ, ઇસ્લામ ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને તાઓ ધર્મમાં રહેલ માન્યતાઓ વિષે વિગતે ચર્ચા કર્યા બાદ આત્મા અને પુનર્જન્મના અસ્તિત્વમાં નહીં માનનારાઓની માન્યતાઓ પણ ચાર્વાક દર્શનમાં દર્શાવેલ વિચારોને વાચક સમક્ષ મુકી આપે છે.

તાજેતરમાં આવેલી ફિલ્મ **OMG** 'ઓહ માય ગોડ'માં જે પ્રયત્ન કરવામાં આવ્યો છે તેવો જ અહીં પણ ખુબ જ વૈચારિક રીતે ઇશ્વર છે? કેવો છે?... તે અંગેની વિવિધ માન્યતાઓનો સારાંશ લેખકે આપણને પ્રકરણ-૪માં આપ્યો છે તો વળી પ્રકરણ-૫માં આત્માવાદીઓ અને અનાત્માવાદીઓ બંને પક્ષોની દલીલો અને પ્રતિ દલીલો રજૂ કરી છે. જેથી આ પ્રકરણ સારૂં એવું લંબાણ ધરાવે છે. તે પછી પ્રકરણ-૬માં લેખક આપણને આત્મા અને પુનર્જન્મ અંગે વૈચારિક દૃષ્ટિકોણથી સમજવા અને સમજાવવા પ્રયાસ કરે છે. જેમાં મૃત્યુ પછીના જીવન માટે આપેલા પુરાવાનો પૈકી નવ જેટલા પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા છે, અને છેલ્લે આલ્બર્ટ આઇન્સ્ટાઇનનો એ વિચાર મુક્યો છે કે, 'ધર્મ વિના વિજ્ઞાન પાંગળુ છે અને વિજ્ઞાન વિનાનો ધર્મ આંધળો છે.' પ્રકરણ-૭માં ખૂટતા જવાબો જુદા જુદા ધર્મોની માન્યતાઓને આધારે શોધવા લેખક સુંદર પ્રયાસ કરે છે. જેમાં તેમનાં વિચારોની મૌલિકતા અને સજ્જનાનાં આપણને દર્શન થાય છે. છેલ્લે પ્રકરણ-૮ દ્વારા લેખકે તારણો રજૂ કરી વાતનું સમાનપ કર્યું છે.

એક ચોક્કસ ધ્યેય, દૃષ્ટિકોણ અને વૈચારિક સજ્જતા સાથે અભ્યાસ પૂર્ણ અને વૈજ્ઞાનિક તથ્યો સાથે સૌ કોઇને વાંચતાં જ વિચારતાં કરી મુકે તેવા આ પુસ્તકના લેખક હિરાલાલ ભવાનભાઇ વરિયાનો જન્મ ૫-૮-૧૯૪૮ ના રોજ જામનગર ખાતે થયો હતો. બી.એ., આઇ.સી.ડબલ્યુ એ (ઇન્ટર) સુધીનો અભ્યાસ ધરાવતા લેખક વ્યવસાયે હાલ નિવૃત્ત છે. પરંતુ સમાજસેવા અને સાહિત્ય લેખનની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત છે. તેમનાં અન્ય પુસ્તકોમાં 'બંધન એ જ મુક્તિનો માર્ગ' અને નોકરી માટે ઇન્ટરવ્યુ આપવાની કળા મહત્ત્વપૂર્ણ છે.

આત્મા - પરમાત્મા, જન્મ પુનર્જન્મની વાતો અને ચર્ચાઓ તે સામે જે દલીલો થતી હોય છે તે બધી વાતોને પુસ્તક રૂપે મુકી આપી આ અંગે રસ ધરાવતા વર્ગના વાચકો માટે એક સરસ અભ્યાસપૂર્ણ નજરાણું ધર્યું છે. આવું સુંદર પુસ્તક પ્રગટ કરવા બદલ 'વિચાર વલોણું પરિવાર' પણ ધન્યવાદને પાત્ર છે.

આત્મા-પરમાત્મા, જન્મ પુર્નજન્મ (એક વિશ્લેષણ)
સંપાદક - હિરાલાલ વરિયા,
પ્રકાશક - વિચાર વલોણું પરિવાર
પૃષ્ઠ - ૮૪, કિંમત - રૂા. ૫૦/-